


# આહ્વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : rev.arvindkhristi@gmail.com

Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi

Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૫૩ | એપ્રિલ - ૨૦૨૪ | પત્ર - ૧૨૮


### ઉષ્મા - આશ્વાસનભર્યો પ્રશ્ન :

## કેમ રડે છે ? યોહાન ૨૦:૧૫

મનુષ્ય જીવનમાં રડવું એ કોઈ ચોક્કસ દુઃખદ સમયની પરિસ્થિતિ દર્શાવે છે. જીવનમાં કાંઈક ગુમાવ્યાનું દર્દ, દુઃખદ પરિસ્થિતિમાંથી પસાર થવું, કોઈક મોટા પ્રશ્નો, મૂંઝવણો, મુશ્કેલીઓનો સામનો કરતાં પસાર થવું, કાંઈક પરિસ્થિતિનો અફસોસ વ્યક્ત કરતાં તેમજ કોઈક શારીરિક દુઃખો, વેદનામાંથી પસાર થતાં આંસુ આવે છે. રડવું આવે છે.

યોહાન ૨૦:૧૫માં મરિયમ આવીજ પરિસ્થિતિમાં પસાર થાય છે. પ્રભુ ઈસુના શબને જે કબરમાં મૂકવામાં આવ્યું હતું ત્યાં આવીને નીચી નમી કબરમાં ડોકિયું કરી રડતાં રડતાં જુએ છે. પોતાના પ્રભુના મરણનું અસહ્ય દુઃખ છે તથા તેમના શબને જોતા નથી તેનું પણ ખૂબ જ દુઃખ છે. આવા અસહ્ય અને ઘેરા દુઃખમાં પસાર થતાં મરિયમ રડે છે તેને પ્રભુ ઈસુ કહે છે કે, તું કેમ રડે છે? જયારે કોઈ વ્યક્તિ દુઃખ અને વેદનામાં પસાર થતાં રડતી હોય અને કોઈ પૂછે કે કેમ રડે છે ? ત્યારે ખૂબ જ આશ્વાસન અને હિંમત મળતાં હોય છે. મરિયમને પણ આવી જ રીતે પ્રભુ ઈસુ તેને પૂછે છે કે કેમ રડે છે ? આ સાથે પ્રભુ ઈસુ તેને નામ લઈને પૂછે છે.

વ્હાલાઓ, આ પૃથ્વી ઉપર સભાશિક્ષક કહે છે તે પ્રમાણે સર્વ પ્રકારના સમયો આવે છે. સભાશિક્ષક ૩:૪. પરંતુ દરેક સમયમાં પુનરૂત્થાન પામેલ જીવંત પ્રભુ આપણી સાથે હોય છે. પ્રભુ આપણી સર્વ પરિસ્થિતિઓ જાણે છે. જે તે સમયે પ્રભુ આપણી સાથે વ્યવહાર કરે છે. હૂંફ, હિંમત અને સામર્થ્ય આપે છે.

પ્રભુ ઈસુ મરિયમને પૂછે છે કે કેમ રડે છે ? એટલે કે પ્રભુ જણાવે છે હું જીવંત છું. પ્રભુ ઈસુએ અગાઉ તેઓએ જણાવ્યું હતું તેમ તે ઉઠ્યા છે અને ગાલીલમાં જાય છે. લૂક ૧૬:૭. પ્રભુ ઈસુએ યોહાન ૧૬:૨૦માં કહ્યું હતું કે તમારી દિલગીરી આનંદરૂપ થઈ જશે. આ પ્રમાણે હવે રડવાની જરૂર નથી પણ પ્રભુ ઈસુ ઉઠ્યા છે તેથી આનંદ કરવાનો છે.

પ્રભુ ઈસુમાં આપણને પાપોની માફી મળે છે. ક્લોસ્સી ૧:૧૨-૧૪.

આપણે પ્રભુના બાળકો બન્યા છીએ. યોહાન ૧:૧૨.

પ્રભુના બાળકો તરીકે આપણામાં પવિત્રઆત્મા રહે છે. યોહાન ૧૪:૧૬-૧૮.

સજીવન થયેલા પ્રભુ ઈસુ પાછા આવશે અને દરેક આંખ તેમને જોશે. પ્રકટીકરણ ૧:૭.

આ જીવંત સજીવન થયેલા પ્રભુ આપણી દરેક પરિસ્થિતિમાં આપણી સાથે રહે છે અને જેમ મરિયમને પ્રશ્ન કરે છે કે કેમ રડે છે ? આજ રીતે આપણને પણ હૂંફ, હિંમત અને સામર્થ્ય આપે છે અને જણાવે છે કે હું તમારી સાથે છું.

આવો આપણે પુનરૂત્થાન પામેલ પ્રભુ ઈસુની પાસે આવીએ અને વિશ્વાસમાં દઢ બની આગળ વધીએ.

## ગત માસના કાર્ય તરફ દ્દષ્ટિપાત

- તા. ૧-૩-૨૪ રાત્રિ લેન્ટની મિટીંગમાં વિશ્વપ્રાર્થના દિનની ઉજવણી કરવામાં આવી. શ્રીમતી કમળાબેન કે. સોલંકીએ સંચાલન કર્યું. શ્રીમતી સારાહબેન એફ. ટેલરે પ્રભુનું વચન આપ્યું તથા સર્વ બહેનોએ વાંચન તથા પ્રાર્થનામાં ભાગ લીધો. ધર્મદાન લેવામાં આવ્યું. મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મંદાકીનીબેન પેલમોર તથા સંચાલન કરનાર અને વચન આપનાર તથા ભાગ લેનાર સર્વ બહેનોનો આભાર.
- તા. ૨-૩-૨૪ ડિસ્ટ્રીક્ટ પાળકોની પ્રાર્થના સંગત કોશા સોસાયટી, મણીનગરમાં મળી. માન. ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝિયાસાહેબે પ્રભુનું વચન આપ્યું.
- તા. ૧૦-૩-૨૪ રવિવારની ભજનસેવા ચલાવી. ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટી મળી.
- તા. ૧૬-૩-૨૪ મેથોડિસ્ટ ચર્ચ, મણીનગરમાં નિવૃત્ત પાળક રેવ. જે. ડી. ક્રિસ્ટીની દફનક્રિયામાં હાજરી આપી.
- તા. ૧૭-૩-૨૪ રવિવારની ભજનસેવા ચલાવી. ભજનસેવા બાદ શ્રીમતી સોનલબેન દાસ અને કું. વેલેન્ટીના દાસ તરફથી ચ્હા-નાસ્તો આપવામાં આવ્યો. આભાર.
- તા. ૨૦-૩-૨૪ સવારે રાયખડ વિસ્તાર પાળક મંડળની મિટીંગમાં અલાયન્સ ચર્ચ, જમાલપુરમાં હાજરી આપી.
- તા. ૨૪-૩-૨૪ રવિવારની ભજનસેવામાં પામસન્ડેની ઉજવણી કરવામાં આવી.

  ભજનસેવા બાદ શ્રી ગૌરવકુમાર અને શ્રીમતી મેઘાબેન મેકવાન અરોરા તથા બાળકો એરોન-આર્યાના તરફથી ચ્હા-નાસ્તો આપવામાં આવ્યો. આભાર.

  શ્રીમતી પારૂલબેન ગામડિયા અને શ્રી કેનેથભાઈ ટેલરે ખજૂરીની ડાળીઓ લાવી અને ચર્ચમાં બાંધી તેઓનો આભાર.
- તા. ૨૯-૩-૨૪ સવારે ૯-૦૦ કલાકે ચર્ચમાં ગુડફ્રાઈડેની ભક્તિસભા મળી. ડિસ્ટ્રીક્ટ ઈવેન્જલીસ્ટ શ્રી એનન રોઝિયા સાહેબે વચન આપ્યું. પ્રભુભોજન પળાવવામાં આવ્યું.
- તા. ૩૧-૩-૨૪ ઈસ્ટરની ભજનસેવા ચલાવવામાં આવી.

  ભજનસેવાબાદ શ્રી સિલાસભાઈ જી. ચૌહાણ કુટુંબ તરફથી ચ્હા-નાસ્ટો આપવામાં આવ્યો. આભાર.

  ભજનસેવામાં શ્રી ચિરાગભાઈ એસ. ચૌહાણ યુ.એસ.એ.થી આવેલ હતા તેમને બુકે આપી સન્માન કરી શુભેચ્છા આપવામાં આવી.

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી રૂફીના શાહ - ફેબ્રુઆરી | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૨. | શ્રીમતી રૂફીના શાહ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૩. | શ્રી આલાપભાઈ જે. માસ્ટર | લે.મિટીંગ | ૧૦૦૦ |
| ૪. | શ્રીમતી પ્રતિક્ષાબેન એસ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૨૦૦ |
| ૫. | શ્રીમતી હેમલત્તાબેન એસ. વાઘેલા | એ.ફંડ | ૩૦૦૦ |
| ૬. | શ્રી આલાપભાઈ જે. માસ્ટર | બર્થડે | ૫૦૦ |
| ૭. | શ્રીમતી પ્રકૃતિ એ. ફ્રેન્ક | બર્થડે | ૫૦૦ |
| ૮. | શ્રીમતી રીટાબેન જે. કીન | બર્થડે | ૧૦૦૦ |
| ૯. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦ |
| ૧૦. | શ્રી પ્રાર્થન એસ. મેકવાનયુ.એસ.એ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૧. | શ્રી શામીભાઈ એ. ગામડિયા | લે.મિટીંગ | ૫૦૦ |
| ૧૨. | શ્રીમતી રીનાબેન જે. દાસ | બર્થડે | ૧૦૦૦ |
| ૧૩. | કુ. લીનાબેન બોરકર અને શ્રીમતી જેનીફરબેન બોરકર | લે.મિટીંગ | ૫૦૦ |
| ૧૪. | કુ. જીની જે. મેકવાન | બર્થડે | ૫૦૦ |
| ૧૫. | કુ. સિલીયાબેન એસ. મેકવાન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૬. | શ્રીમતી કમળાબેન કે. સોલંકી | લે.મિટીંગ | ૫૦૦ |
| ૧૭. | શ્રીમતી ઈન્દુબેન કે. વિશ્રામ | લે.મિટીંગ | ૨૫૦ |
| ૧૮. | શ્રીમતી સત્યવતીબેન વી. દાસ | બર્થડે | ૫૦૦ |
| ૧૯. | શ્રી શૈલેષભાઈ જે. માસ્ટર | લે.મિટીંગ | ૫૦૦ |
| ૨૦. | શ્રીમતી મેઘાબેન મેકવાન અરોરા | લે.મિટીંગ | ૧૫૦૦ |
| ૨૧. | શ્રીમતી એની આકાશ રાઠોડ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૨૨. | શ્રીમતી મોનિકાબેન ઓ. પેટ્રીક | આ.સ્તુ. | ૫૦૦ |
| ૨૩. | શ્રીમતી મોનિકાબેન ઓ. પેટ્રીક | મિશનેરી | ૨૦૦ |
| ૨૪. | શ્રી ઓનિલભાઈ એ. પેટ્રીક | આ.સ્તુ. | ૫૦૦ |
| ૨૫. | શ્રી ઓનિલભાઈ એ. પેટ્રીક | મિશનેરી | ૨૦૦ |
| ૨૬. | શ્રીમતી આગ્નેશબેન જે. મેકવાન | લે.મિટીંગ | ૫૦૦ |
| ૨૭. | સોનલબેન વી. દાસ | આ.સ્તુ. | ૨૦૦૦ |
| ૨૮. | ટ્વીંકલ વી. ક્રિસ્ટી | બર્થડે | ૧૦૦૦ |
| ૨૯. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | બર્થડે | ૧૦૦૦ |
| ૩૦. | શ્રીમતી મેરેલીનબેન એન. ચૌહાણ | બર્થડે | ૫૦૦ |
| ૩૧. | શ્રી સિલાસભાઈ જી. ચૌહાણ | બર્થડે | ૫૦૦ |
| ૩૨. | જોય એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૩૩. | શ્રીમતી સુશીલાબેન એસ. ક્રિસ્ટી તથા પરિવાર | લે.મિટીંગ | ૫૦૦ |
| ૩૪. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૩૫. | શ્રી પ્રકાશભાઈ બામણીયા | પુ.ફંડ | ૧૧૦૦ |
| ૩૬. | શ્રી અતુલભાઈ પી. મહિડા | આ.સ્તુ. | ૫૦૦ |

## લેન્ટ મિટીંગ

- તા. ૨-૩-૨૪, લેન્ટની ૧૮મી મિટીંગ શ્રી આલાપભાઈ જે. માસ્ટરના ઘરે પરિશ્કાર, મણીનગરમાં મળી. શ્રી વસંતભાઈ કામદારે વચન આપ્યું.
- તા. ૬-૩-૨૪, લેન્ટની ૨૨મી મિટીંગ ચર્ચમાં શ્રીમતી સ્ટેલાબેન એમ. પરમાર તરફથી રાખવામાં આવી.
- તા. ૮-૩-૨૪, લેન્ટની ૨૪મી મિટીંગ ચર્ચમાં શ્રીમતી સારાહબેન એફ. ટેલર તરફથી રાખવામાં આવી.
- તા. ૯-૩-૨૪, લેન્ટની ૨૫મી મિટીંગ શ્રીમતી શર્મિલાબેન એસ. અર્લિક તરફથી રાખવામાં આવી.
- તા. ૧૦-૩-૨૪, લેન્ટની ૨૬મી મિટીંગ નિલકંઠ ફ્લેટ, સાણંદમાં શ્રી શામીભાઈએ ગામડિયા તરફથી તેમના ઘરે રાખવામાં આવી.
- તા.૧૨-૩-૨૪, ૨૮મી મિટીંગ કું. લીનાબેન બોરકર અને શ્રીમતી જેનીફર બોરકર તરફથી ચર્ચમાં રાખવામાં આવી.
- તા. ૧૪-૩-૨૪, ૩૦મી મિટીંગ શ્રીમતી પારૂલબેન ઓ. ગામડિયા તરફથી ચર્ચમાં રાખવામાં આવી.
- તા. ૧૫-૩-૨૪, ૩૧મી મિટીંગ શ્રી આશિષભાઈ આર. પરમાર તરફથી ચર્ચમાં રાખવામાં આવી.
- તા. ૧૬-૩-૨૪, ૩૨મી મિટીંગ શ્રી નિલેષભાઈ આર. રાઠોડ તરફથા તેમના ઘરે વેજલપુર રાખવામાં આવી.
- તા. ૧૭-૩-૨૪, ૩૩મી મિટીંગ શ્રી લીનીયસભાઈ એસ. પેલમોરના ઘરે સરસ્વતીનગર, આંબાવાડી રાખવામાં આવી.
- તા. ૧૮-૩-૨૪, ૩૪મી મિટીંગ શ્રીમતી સત્યવતીબેન દાસ તરફથી ચર્ચમાં રાખવામાં આવી.
- તા. ૧૯-૩-૨૪, ૩૫મી મિટીંગ શ્રીમતી ઈન્દુબેન વિશ્રામ તરફથી ચર્ચમાં રાખવામાં આવી.
- તા. ૨૦-૩-૨૪, ૩૬મી મિટીંગ શ્રી શૈલેષભાઈ જે. માસ્ટર તરફથી ચર્ચમાં રાખવામાં આવી.
- તા. ૨૧-૩-૨૪, ૩૭મી મિટીંગ શ્રીમતી મેઘાબેન મેકવાન અરોરા તરફથી ચર્ચમાં રાખવામાં આવી.
- તા. ૨૩-૩-૨૪, ૩૯મી મિટીંગ પેટ્રીક પરિવાર તરફથી ચર્ચમાં રાખવામાં આવી.
- લેન્ટની મિટીંગ રાખનાર વ્હાલા સભ્યો તરફથી ચ્હા-નાસ્તો, આઈસ્ક્રીમ, ઠંડાપીણા તથા દાન આપવામાં આવ્યા હતા. સર્વનો આભાર.
- મિટીંગો દરમિયાન સાફ-સફાઈ અને ખુરશીઓ ગોઠવનાર શ્રી સુલેમાનભાઈ અને શ્રીમતી મંજુલાબેનનો આભાર.



## BIRTHDATE IN APRIL



| | |
|---|---|
| ૧/૪ | લીલાબેન જે. ક્રિશ્ચિયન |
| ૩/૪ | સામી આલ્ફ્રેડ ગામડીઆ |
| ૬/૪ | સુધાબેન એચ. કુંજરાવીયા (USA) |
| ૭/૪ | રોઝમેરી એ. પેલમોર |
| ૭/૪ | શીલાબેન એમ. પટેલ |
| ૯/૪ | શાલીન એસ. માસ્ટર |
| ૧૨/૪ | સોલોમનભાઈ ટી. રૂબી |
| ૧૬/૪ | રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન |
| ૧૬/૪ | સેલીના એફ. ગોહિલ |
| ૧૬/૪ | સેનીટા પી. ક્રિશ્ચિયન |
| ૧૬/૪ | લક્ષ્મીબહેન એફ. રાઠોડ |
| ૧૯/૪ | હર્ષદરાય એ. કુંજરાવીયા (USA) |
| ૨૦/૪ | ડેઝીલ ડી. હેરી |
| ૨૪/૪ | ખ્રિસ્તી આઈ. ઈમાનુએલ |
| ૨૫/૪ | સલોની એન. મહીડા |
| ૨૫/૪ | પારૂલ ઓ. ગામડીઆ |
| ૨૬/૪ | નિયંતા કે. ક્રિશ્ચિયન (USA) |
| ૨૭/૪ | કોમલ પી. ખ્રિસ્તી |
| ૨૮/૪ | પ્રીમા એસ. માસ્ટર |
| ૩૦/૪ | રશ્મીકાંત પી. મહિડા |




### મેથોડિસ્ટ ચર્ચ શાહપુરના ૫૦ વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ મહોત્સવ ઉજવણી પ્રસંગે મોમેન્ટો :

ચર્ચની સુવર્ણ જયંતિ મહોત્સવ પ્રસંગે ચર્ચ તરફથી સર્વને એક સુંદર ઘડિયાળ આપવામાં આવી. આ પસંદ કરવામાં શ્રી એન્થની ઈમાનુએલ, સોવેનિયર કમિટી, પાસ્ટરેટ કમિટી તથા તૈયારી કરી લાવનાર શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયન અને શ્રી શામીભાઈ ગામડિયાનો આભાર.

શ્રી આલાપભાઈ જે. માસ્ટરે પ્રાર્થના કરાવી અર્પણ કરી અને સર્વને કારભારીશ્રીઓ મારફતે વહેંચવામાં આવી. સર્વનો આભાર.



# જરૂરિયાતમંદને ચર્ચ તરફથી ઈસ્ટરની ભેટ



ચર્ચ તરફથી જરૂરિયાત મંદોને કરિયાણાની કીટ આપવામાં આવી. આભાર.

કરિયાણા કીટ સાથે શ્રી મનોજભાઈ સી. ચૌહાણ તરફથી શૉલ અને ટ્વીંકલ વી. ક્રિસ્ટી તરફથી સાડી આપવામાં આવી. આભાર.

કરિયાણા કીટ તૈયાર કરવામાં શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન અને શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહેલ અને શ્રીમતી વેલેન્ટીનાબેન એફ. ગોહેલનો આભાર.

## પ્રાર્થના

- મંડળીના દરેક પરિવારની આત્મિક વૃદ્ધિ માટે.
- મંડળીની આત્મિક પ્રવૃત્તિઓ : ભજનસેવા, પ્રાર્થના સંગત, કોટેજ મિટીંગો
- વડીલોની સારી તંદુરસ્તી તથા બીમાર ભાઈ-બહેનોના સાજાપણા માટે.
- પાસ્ટોરેટ કમિટી તથા વહીવટી કાર્યો માટે.
- મંડળો : એમ.વાય.એફ., સન્ડેસ્કૂલ, મહિલા મંડળ વધારે મજબૂત થાય માટે.
- ક્વાયર તથા કારભારી ભાઈઓની સેવાઓ માટે.

## જાહેરાતો

- આપના સામાન્ય દાનોમાં પ્રાર્થના સાથે વધારો કરી દર મહિને આપના કારભારી/પાળકને જમા કરાવશો.
- જીવનમાં આવતા આશીર્વાદિત પ્રસંગોએ પણ આપના આભારસ્તુતિ અને બર્થડે દાન જમા કરાવશો.
- દર રવિવારે કુટુંબ સાથે ભજનસેવામાં સવારે ૯-૦૦ કલાકે સમયસર હાજરી આપશો.
- અઠવાડિક પ્રાર્થના સંગતમાં હાજરી આપશો.
- ચર્ચ સેવાઓ અને પાળક પરિવાર તથા પગી પરિવાર માટે પ્રાર્થના કરશો.

## નાણાંકીય અહેવાલ ફેબ્રુઆરી - ૨૦૨૪



| | | |
|---|---|---|
| તા.૧-૨-૨૪ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૬૧૯૨.૮૮ |
| | બેંક | ૧૦૪૪૦૯૬.૫૯ |
| તા.૨૯-૨-૨૪ સુધીની | આવક | ૧૮૧૩૨૮.૦૦ |
| | કુલ | ૧૨૩૨૦૧૭.૪૭ |
| તા.૨૯-૨-૨૪ની બંધ સિલક | | |
| | રોકડ | ૩૪૩૫.૮૮ |
| | બેંક | ૧૦૬૮૫૧૮.૫૯ |
| તા.૨૯-૨-૨૪ સુધીનો | ખર્ચ | ૧૬૦૦૬૩.૦૦ |
| | કુલ | ૧૨૩૨૦૧૭.૪૭ |



શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર